આદીવાડામાં જુગાર રમતા સાત શકુનીઓ પકડાયા

## @ગાંધીનગર

● કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને નિખારવા યુથ ફેસ્ટીવનો આયોજન કરવામાં આવે છે. આજે કડી ખાતે આ યુથ ફેસ્ટીવલનો પ્રારંભ સવારે ૮-૦૦ કલાકે થશે.

- નજાહખાનમ સૈયદ

### ચાની લારી પાસેથી દારૂની ત્રણ બોટલ સાથે એક ઝડપાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ ખાતે સ્થિત ચા ની લારી પાસે ઉભેલો યુવાન દારૂની બોટલો સાથે હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસમથકના પીએસઆઈ સી.બી. ચૌહાણે બાતમીવાળા સ્થળે પહોંચી દારૂની ત્રણ બોટલ સાથે વાવોલના યુવાનની ધરપકડ કરી લીધી છે. વાવોલ ગામના રોહીત જશવંત ગોહિલની ધરપકડ કરી પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### સીનીયર સીટીઝન કાઉન્સીલ દ્વારા બોડી ચેકઅપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૮

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદેશી સ્કેનીંગ મશીનથી ઈલેક્ટ્રો-મેગ્નેટીક બોડી એનેલાઈઝર દ્વારા આખા શરીરનું બોડી ચેકઅપ કરાશે. કેમ્પમાં જે સભ્યએ ભાગ લેવો હોય તે સભ્યએ તેમના નામ, સરનામુ તથા ફોન નંબરની જાણ ૨૦ ઓક્ટોબર સુધીમાં મંત્રી જે.એલ. શાહને કરવા વિનંતી કરવામાં આવી છે.

# છાલા પાસે સ્થિત પ્રભુકૃપા ફાર્મમાંથી ૪૧ હજારની ચોરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક સ્થિત છાલા ગામમાં આવેલા પ્રભુકૃપા ફાર્મમાં ચોરો ત્રાટક્યા હતા. ફાર્મમાં ઘુસીને ગઠીયાઓ પાણીની મોટરથી માંડીને લોખંડના ફર્મા સહિતનો અંદાજે રૂ. ૪૧ હજારની કિંમતનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે ફાર્મ માલીકની ફરીયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

**પાણીની મોટરથી માંડીને લોખંડના ફર્મા પણ ચોરી કરી ગઠીયાઓ ફરાર**

છાલા ગામના નવા વાસમાં રહેતા કેશુભાઈ રામજીભાઈ સોરઠીયાના પ્રભુકૃપા ફાર્મમાં ગઈ રાત્રી દરમ્યાન ચોરોએ પગપેસારો કર્યો હતો. ગઈ કાલે સાંજે ૮ થી સવારના ૯ વાગ્યાના અરસામાં ફાર્મમાં ઘુસેલા ચોરો ફાર્મમાંથી પાણીની ઈલેક્ટ્રીક મોટર, લોખંડના નાના-મોટા ફર્મા અને ૩૦ નંગ લાકડાની વાલ્વ પ્લેટો મળી કુલ રૂ. ૪૧,૫૦૦ની કિંમતનો માલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે ફાર્મ માલીક કેશુભાઈ સોરઠીયાનું ધ્યાન જતાં તેમણે ચિલોડા પોલીસનો સંપર્ક સાંધી ચોરી અંગે ફરીયાદ આપી હતી. જેને આધારે ચિલોડા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને જમાદાર હિરાજીએ તપાસ શરૂ કરી છે.

## સેક્ટર-૨૪ શ્રીજી જ્વેલર્સ બહારથી એક્સેસની ઉઠાંતરી

સેક્ટર-૨૬ ખાતે રહેતા ડાહ્યાભાઈ વાલજીભાઈ દવેને સે. ૨૪માં શ્રીજી જ્વેલર્સ નામની દુકાન આવેલી છે. ૬ ઓક્ટોબરે બપોરે દુકાને ગયા ત્યારે તેમણે પોતાનું એક્સેસ નં. જીજે૮૧સીડી૫૬૧૦ તેમની દુકાન બહાર પાર્ક કર્યું હતું. મોડી સાંજે સાડા નવ વાગ્યે દુકાનની બહાર નિકળ્યા ત્યાં સુધીમાં એક્સેસ ગાયબ હતુ. કોઈ શખ્સ એક્સેસની ઉઠાંતરી કરીને પલાયન થઈ ગયું હતું. એક્સેસ માલીકની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે રૂ. ૪૭ હજારના એક્સેસની ચોરી અંગે ગુનો દાખલ કરી પીએસઆઈ આઈ.ડી. રાઠોડે તપાસ શરૂ કરી છે.



પરિશ્રમ - શ્રમજીવી પરિવાર માટે પરિશ્રમનો કોઈ વિકલ્પ જ નથી... એક જગ્યાએ થી બીજી જગ્યાએ રોજગારીની શોધમાં પેડલ રીક્ષામાં નીકળેલો પરિવારને ધોમધખતો તાપ પણ નડતો નથી... શ્રમજીવી પરિવારનું બાળક પણ આ પરિસ્થિતિમાં નિંદ્રા માણી રહ્યું છે... આ બાળકને શિક્ષણનો અધિકાર ક્યારે પ્રાપ્ત થશે એ તો ઈશ્વર જ જાણે... (તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● પાટીદાર અનામત આંદોલન સમયે ગાંધીનગરની કલેક્ટર ઓફીસ સામે તોડી પડાલેયા સાઈન બોર્ડ બજુ પણ સેન્ટ્ વર્જમાં જેમના તેમ પડ્યા છે. નાગરિકોને બંધારણના પાઠ ભણાવતા તંત્રની પોતાની કોઈ બંધારણીય ફરજો ખરી કે નહિ ?

● ગાંધીનગરના પથિકાશ્રમ એસ.ટી. ડેપોની એન્ટ્રીમાં જ લગાડેલા સિમેન્ટ બ્લોક્સ બેસી જતા ખાડો પડ્યા જેવી પરિસ્થિતિ ઘણા સમયથી હતી. એસ.ટી. તંત્રએ આજે તેનું મરામત કાર્ય હાથ ધરતા એસ.ટી. ડ્રાયવરોએ હાશકારો અનુભવ્યો છે.

● સે. ૭/૮ના ક્રોસીંગ પાસે સાંજના સુમારે ફરતી ગાયોના ટોળામાંથી એક ગાય હાંફળી ફાંફળી ચ-માર્ગ પર ધસી જતા એક કાર ચાલકને જોરદાર બ્રેક મારવી પડી હતી. સદ્દભાગ્યે આ કારના પાછળના અન્ય વાહનો દૂર હતા એટલે હોઈ અકસ્માત સર્જાયો ન હતો.

● આજકાલ વૉટ્સએપ પેથાપુર ૧ કિ.મી દર્શાવતો માઈલ સ્ટોનનો ફોટો વાઈરલ થયો છે. આ ફોટામાં આ દરબારોનું ગામ છે માટે મગજ ઠંડુ રાખીને પ્રવેશ કરવો એવી શિખામણ અપાઈ છે.

- સમીર રામી ૯૯૨૪૪૪૬૬૪૫

# પેથાપુરમાં પાણીની વિકટ સમસ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામમાં પાણીની સમસ્યા ઉભી થવા પામી છે. ગામમાં બે દિવસે એક વાર માત્ર દોઢ કલાક પાણી આવે છે. પાણી આપવાનો પણ નિયમિત સમય નથી.

**પેથાપુર નગરમાં ચાર ટાંકી તેમજ પાંચ બોર હોવા છતાં પાણી માટે ગ્રામજનોને વલખા મારવા પડે છે**

ગ્રામજનોને પાણી માટે રાત-દિવસ ઉજાગરા કરવાની નોબત આવી છે. રાજ્યના પાટનગર નજીક આવેલા ગામની સ્થિતિ આવી છે તો રાજ્યના છેવાડાના ગામની શુ સ્થિતિ હશે ? પેથાપુર નગરપાલિકાના સત્તાધિશોને પાણીની સમસ્યા દૂર કરવામાં રસ નથી તેવું ગ્રામજનો કહી રહ્યા છે.

પેથાપુર ગામમાં જ્યારે નર્મદા નદીના પાણીની વ્યવસ્થા નહોતી ત્યારે નિયત સમયે પુરતા પ્રમાણમાં પાણી મળી રહેતુ હતુ. પરંતુ નર્મદાના પાણીને પગલે ધાંધિયા શરૂ થયા છે. પેથાપુર નગરમાં ચાર ટાંકી તેમજ પાંચ બોર હોવા છતાં પાણી માટે ગ્રામજનોને વલખા મારવા પડે છે. તંત્ર દ્વારા ગામમાં પાણી આપવાની કોઈ વ્યવસ્થિત વ્યવસ્થા નથી. પાણી આપવાનો કોઈ સમય નથી. ક્યારેક સવારે પાંચ વાગે તો બીજા દિવસે રાત્રે નવ વાગે પાણી આપવામાં આવે છે. નક્કી સમય પાણી આપવાનો ન હોવાથી લોકોને રીતસર જાણવું પડે છે. પાણી આપવાનું નથી તેવી જાણ ગ્રામજનોને કરવામાં આવતી નથી. ગ્રામજનો નગર સેવકોને ફરિયાદ કરે છે ત્યારે નર્મદાનું પાણી મળતુ નથી તેથી આવી જ સ્થિતિ રહેશે. તેવા જવાબો સાંભળવા મળે છે. ઓપરેટરો તેમના લાગતા વળગતા વિસ્તારમાં પાણી વિતરણ કરે છે. તેવો સૂર ગ્રામજનોમાં ઉઠવા પામ્યો છે. નગરથી માત્ર થોડાક અંતરે આવેલા ગામમાં પાણીની વિકટ સમસ્યા છે. પેથાપુરની સોસાયટી તેમજ ગુડા વિસ્તારમાં ખાનગી પાણીની વ્યવસ્થા હોવાથી તે રહિશોને આ તકલીફથી દૂર રહેવા પામ્યા છે. તંત્ર દ્વારા પેથાપુરમાં પાણીની સમસ્યાનો ત્વરીત નિર્ણય કરી ઉકેલ જલ્દી આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# ગાંધીનગરની બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ

ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઑફ બિજનેસ ઍડમીનીસ્ટ્રેશન (બી



બી.ઍ.) દ્વારા ઍસવાયબીબીઍ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભારતની પ્રતિષ્ઠિત "કૅડમૅક મશીનરીઝ પ્રા.લી" કંપની ની વિઝિટ કરવામાં આવી.

કૅડમૅક મશીનરીઝ પ્રા.લી. ની વિઝિટ દરમ્યાન વિદ્યાથીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા. કુલ ૩૦૦ વિદ્યાથીઓને ૨૫- ૨૫ વિદ્યાથીઓની ૧૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. મશીનરીનું ઉત્પાદન અસેંબ્લી લાઈનમાં થઈ કેવી રીતે વેચાણ હેતુથી નાના તેમજ મોટા બૉક્સમાં ઑટોમેટીક પેકિંગ થઈ સ્ટોરરૂમમાં પહોચે તેની ઉંડાણ પૂર્વકની માહિતી વિદ્યાથીઓ ને આપવામાં આવી હતી.

બીજા તબક્કામાં વિદ્યાથીઓ ને ઍક સભાખંડમાં ઍકત્રિત કરવામાં આવ્યા અને કંપનીનાં પ્રેસીડેન્ટ શ્રી. વી. આર. પટેલ તેમજ ઍચ.આર. ડીપાર્ટમેન્ટનાં સિનિયર હેડ શ્રી બકુલ વ્યાસ તેમજ અન્ય માર્કેટીંગ નાં હેડ દ્વારા વિદ્યાથીઓ ને માર્કેટીંગ, ફાઈનાન્સ તેમજ ઍચ.આર. નાં કાર્યો વિષે ખૂબ તલસ્પશી માહિતી આપવા માં આવી હતી.

સતત બે દિવસ સુધી સવારે ૮.૩૦ વાગ્યા થી ૨.૦૦ વાગ્યા સુધી ચાલેલી આ વિઝિટ ને સફળ બનાવવા "કૅડમૅક મશીનરીઝ પ્રા.લી" કંપનીનો ખુબજ સહકાર મળ્યો જેમા કંપનીનાં ૬ ઉચ્ચ અધિકારીઓઍ વિદ્યાથીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા તેમજ કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ, ઈન્ચાર્જ ડૉ. જયેશ જે. તન્ના તેમજ ક્લાસ મેન્ટર્સ પ્રો. પ્રગ્નેશ નવલખા, પ્રો. મેથ્યુ જૉન, પ્રો. શીતલ પટેલ અને શ્રી ધર્મેન્દ્ર રાઠોડ તેમજ સમગ્ર ટીમ દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## સેક્ટર-૧૩-બી વસાહત મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૮

પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળ સેક્ટર-૧૩-બી દ્વારા તાજેતરમાં વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં નવરાત્રી મહોત્સવ સમિતિ ૨૦૧૫-૧૬ના વર્ષ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે હિતેશભાઈ પાઠક, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ પટેલ અને જોઈતાભાઈ પ્રજાપતિ, મંત્રી તરીકે દિનેશભાઈ પંચાલ, સહમંત્રી તરીકે નંદ કિશોરભાઈ પટેલ, ખજાનચી તરીકે દશરથભાઈ પ્રજાપતિ, સાંસ્કૃતિક મંત્રી તરીકે સંદીપભાઈ પાટીલ અને ટી.સી. શેઠ તેમજ આંતરિક ઓડિટર તરીકે ચંદ્રકાંતભાઈ પટેલની વરણી કરાઈ હતી.

# આદીવાડામાં જુગાર રમતા સાત શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ડીએસપી કચેરી સામે સ્થિત આદીવાડા ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૨૧ પોલીસે દરોડો પાડી સાત શકુનીઓની ધરપકડ કરી લીધી છે. રૂ. ૧૩ હજારની કિંમતના મુદ્દામાલ સાથે સાતેયની ધરપકડ કરીને સેક્ટર-૨૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૨૧ પોલીસમથકના પીએસઆઈ સી.બી. ચૌહાણને બાતમી મળી હતી કે આદીવાડા ગામમાં ખુલ્લેઆમ કેટલાક શખ્સો ટોળુ વળીને જુગારની બાજી માંડીને બેઠા છે જેને આધારે બપોરે દરોડો પાડીને સાત જુગારીઓને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. મોહબત ઈશ્વર મકવાણા, જીતેન્દ્ર નરવત રાઠોડ, અરવિંદ ધર્મા કાંગસીયા, રમેશ હેમતુ મકવાણા, વાડીલાલ અંબાલાલ પટેલ, જીતેન્દ્ર ઈશ્વર મકવાણા અને અજીત બળદેવ મકવાણા મળીને સાતેય જુગારીઓની ધરપકડ કરી લઈ સે. ૨૧ પોલીસની ટીમે પાંચ મોબાઈલ, રોકડ રૂ. ૯,૨૦૦ મળી કુલ રૂ. ૧૩,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## માતૃ-પિતૃ માટે વિષ્ણુ સહસ્ત્ર પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૮

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્વર્ગસ્થ માતૃ-પિતૃઓને શ્રદ્ધાંજલિ આપવા વિષ્ણુ સહસ્ત્ર પાઠ આગામી તા. ૧૨ ઓક્ટોબરના રોજ રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન હનુમાનજી મંદિર, ગ્રીનસીટી સેક્ટર-૨૬ ખાતે કરવામાં આવશે.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજના હોદ્દેદારોએ ગુડાના ચેરમેન આશીષભાઈ દવે સાથે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ જાહેર કરેલા બિન અનામત સમાજ જાહેર કરેલા આર્થિક પેકેજ માટે સમસ્ત બ્રહ્મસમાજ વતી આભાર વ્યક્ત કર્યો હતો.

## ચેઈન સ્નેચીંગ કરતી ગેંગનો વધુ એક સાગરીત ઝડપાયો

**ચેઈન સ્નેચીંગના વધુ ચાર ગુનાઓ ડીટેક્ટ**

ગાંધીનગર, તા. ૮

વિવિધ જિલ્લાઓમાં ચેઈન સ્નેચીંગ કરીને તરખાટ મચાવી મુકનાર એક ગેંગને ડભોડા અને એલસીબીની ટીમે ઝડપી પાડી હતી. આ ગેંગે ૨૨ ચેઈન સ્નેચીંગના ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી હતી તે ઉપરાંત ત્રણ અન્ય સાગરીતોના પણ નામ ખુલ્યા હતા. આ સાગરીતો પૈકી એકને ગાંધીનગર એલસીબીએ ઝડપી લીધો છે. જેને જિલ્લામાં કરેલા અન્ય ચાર ચેઈન સ્નેચીંગ ગુનાઓ કબુલ કર્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી એલસીબી પીઆઈ આશુતોષ પરમાર તથા તેમની ટીમે ચેઈન સ્નેચર્સ પકડવા દોડધામ શરૂ કરી હતી. આ ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત બે ની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં હાથ અજમાવ્યા હોવાનું બહાર આવ્યા ઉપરાંત આજુબાજુના જિલ્લાઓમાં પણ આ ગેંગે રાડ પડાવી દીધી હતી. તેમની સઘન પુછતાછમાં કુલ ૨૨ ચેઈન કટીંગના ગુનાના ભેદ ઉકેલાયા હતા અને અન્ય ત્રણ સાગરીતોના પણ નામ ખુલ્યા હતા. જેને આધારે એલસીબી પીએસઆઈ આર.એન. વાઘેલા તથા તેમની ટીમે વોન્ટેડ આરોપી હેમંત ઉર્ફે મદન કરશન વાઘેલા (રહે. નરોડા, માછલી સર્કલ પાસે)ને ઝડપી પાડ્યો છે. તેની સઘન પુછપરછમાં અન્ય ચાર ચેઈન કટીંગના ભેદ ઉકેલાયા છે. આરોપીની ધરપકડ કરી અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

## વૈષ્ણવ સંપ્રદાયની હવેલી વલ્લભધામ અમેરીકામાં સ્થાપિત થશે

ગાંધીનગર, તા. ૮

પુષ્ટીમાર્ગના ઈતિહાસમાં સૌપ્રથમવાર એવા સુખદ ગૌરવપૂર્ણ વૈષ્ણવ સંપ્રદાયની હવેલી વલ્લભધામ અમેરીકામાં આકાર લઈ રહી છે. આગામી સમયમાં ભારતીય પરંપરાને જીવંત કરતી કલા કૌશલ્ય યુ.એસ.એ.માં સ્થાપિત થશે. વિદેશમાં પ્રતિષ્ઠા થનાર હેવલીના સંપૂર્ણ ઝરૂખા, દરવાજા, થાંભલાની ડિઝાઈન ભારતમાં અમદાવાદ ખાતે તૈયાર થઈ રહી છે. જે ગૌરવની વાત છે.



અમેરીકાના કનેક્ટીટના ન્યુઈગરમાં વૈષ્ણવ સંપ્રદાયની ભવ્ય હવેલી વલ્લભધામ આકાર લઈ રહી છે. ગુજરાત અને રાજસ્થાનની હવેલી શૈલીમાં મહારાજ દ્વારકેશલાલજીની આગેવાનીમાં સાગના લાકડામાંથી ૭૬ ભાગમાં અમદાવાદના ગોતા ખાતે તૈયાર થઈ રહી છે.

છેલ્લા દોઢ વર્ષથી સાગના ૮૦૦ ઘનફૂટ લાકડામાંથી કોતરણી કરી ઝરૂખા, થાંભલા અને દરવાજા બનાવવામાં આવ્યા છે. આ હવેલીની મંદિરની ડીઝાઈન બે માળની હશે. હવેલીમાં ૧૮ ફૂટની ઊંચાઈ ધરાવતું દરેક ઝરૂખામાં ઉજવતા તહેવારો મુજબ સ્ટેચ્યુ મુકવામાં આવશે. ઉપરાંત લાઈટીંગ પણ તેને અનુરૂપ રહેશે. ટુંક સમયમાં જ ૪૦ ફૂટના ૪૦ કન્ટેઈનરમાં યુએસએ રવાના થશે જ્યાં છુટા ભાગોને જોડવાનું કામ અમેરીકન કારીગરો કરશે. આ કામગીરીમાં રૂપેશ મોદી ડીઝાઈનર તરીકે સેવા આપી રહ્યા છે. હાલ આ મંદિરમાં શ્રી ગોવર્ધનનાથજીના ચિત્રની સેવા ચાલી રહી છે અને આવતા એકથી દોઢ વર્ષના સમયમાં પ્રાણ પ્રતિષ્ઠાનું ભવ્ય આયોજન કરવામાં આવશે.

# અમાસે સર્વ પિતૃઓ માટેના શ્રાદ્ધનો શ્રેષ્ઠ મહિમા

## પિતૃ શ્રાદ્ધ કરવાથી વંશની વૃદ્ધિ અને સુખશાંતિ પ્રાપ્ત થવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ, અમાસે છેલ્લું શ્રાદ્ધ

મૃત્યુ પછી પણ માતા-પિતાના આત્માની શાંતિ અને મોક્ષ કરવાની શ્રેષ્ઠભાવના હિંદુ સંસ્કૃતિમાં સમાયેલી છે. ભાદરવા વદ એકમથી અમાસ એટલે કે શ્રાદ્ધ પક્ષ આ માટે ઉત્તમ સમય



લેખાયો છે. આ સમયે પિતૃઓને યાદ કરવા, તૃપ્ત કરવા અને તેમના માટે પ્રાર્થના કરવા જણાવાયું છે. છતાં પણ કોઈ કારણસર શ્રાદ્ધ ના થઈ શક્યું તો ચિંતા કર્યા વગર અમાસે સર્વ પિતૃઓ માટેના પિતૃ-તર્પણના દિવેસ શ્રાદ્ધ કરવાનું શાસ્ત્રમાં મહિમા છે. સોમવારે શ્રાદ્ધ પક્ષના અંતિમ દિવસે શ્રદ્ધાપૂર્વક તમામ પિતૃઓના મોક્ષ અર્થે શ્રાદ્ધ કરી તેમના આશિર્વાદ મેળવી શકાય છે.

પિતૃપક્ષની ચાલુ વર્ષે સોમવતી અમાસ ને સર્વપિતૃ અમાવસ્યા તરીકે મનાવવામાં આવશે. આ તિથિએ કુળના સમસ્ત પિતૃઓને ઉદ્દેશીને શ્રાદ્ધ કરવામાં આવતું હોય છે. વર્ષ દરમિયાન તથા પિતૃ પક્ષની અન્ય તિથિઓએ શ્રાદ્ધ કરવું શક્ય ન બન્યું હોય ત્યારે આ સોમવતી અમાસે બધા માટે શ્રાદ્ધ કરવું ખુબ જ જરુરી છે કારણ કે પિતૃ પક્ષની આ અંતિમ તિથિ હોય છે. વધુમાં ચાલુ વર્ષે ચૌદશને રવિવારના રોજ અશસ્ત્ર-શસ્ત્રથી મરેલાનું શ્રાદ્ધ કરવાનો દિવસ છે જેથી અકસ્માત કે અકુદરતી મૃત્યુ પામેલા પૂર્વજોનું શ્રાદ્ધ ચૌદશના દિવસે કરવાથી તેઓ તૃપ્ત થાય છે.

પિતૃ શ્રાદ્ધ કરવાથી વંશની વૃદ્ધિ અને સુખ શાંતિ તેમજ સફળતા પ્રાપ્ત થતી હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ કરાયો છે. યમસ્મૃતિમાં પાંચ પ્રકારના શ્રાદ્ધનું વર્ણન કરવામાં આવ્યું છે જેને નિત્ય, નૈમિત્તિક, કામ્ય, વૃદ્ધિ અને પાર્વણના નામથી ઓળખવામાં આવે છે. તલોદના ભરતભાઈ શાસ્ત્રી જણાવે છે કે નૈમિત્તિક પ્રકાશગ્રંથમાં લખ્યું છે લગ્ન કરી શ્રાદ્ધ કરવાથી પ્રિતઓ તૃપ્ત થાય છે. ૧૮ પુરાણો પૈકી મત્સ્ય પુરાણમાં શ્રાદ્ધ વિશે વિસ્તૃત ઉલ્લેખ કરાયો છે જેમાં પિતૃ મત્સ્ય પ્રકારના ગણાવ્યા છે.

(૧) ઉત્તમ, (૨) મધ્યમ અને (૩) અધમ પુરાણમાં લખ્યું છે કે ભગવાન વિષ્ણુનો પીપળામાં વાસ છે જેથી અમાસના દિવસે તાંબાના કળશમાં જળભરી પીપળે ચડાવવામાં આવે તો પિતૃઓ તૃપ્ત થાય છે અને પિતૃદોષ નિવારણ માટે ઉત્તમ મનાય છે. આમ શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ માટે શ્રાદ્ધ કરવાથી દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થાય છે. જેમાં ચુકી ગયેલા શ્રાદ્ધને અમાસના દિવસે પૂર્ણ કરી લેવાથી પિતૃઓને મોક્ષ અને શાંતિ મળે છે.

## ચિરવિદાય

- સ્વ. જાગૃતિબેન શૈલેષભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૩૪)
- સ્વ. કાળુભાઈ મફાભાઈ દંતાણી (ઉ.વ.૩૮)
- સ્વ. શામાબેન ઉમેશચંદ્ર ગુપ્તા (ઉ.વ.૬૪)